
શ્રી ભીડભંજન મહાદેવાય નમઃ ।
મંદિર
પ્રવેશદ્વાર
સંતકુટિર
જંગલમાં
મંગલ
ઉદ્યાન
અતિથિગૃહ
ગૌશાળા
ભોજનાલય
સપ્તતાડ
આતિથ્ય
લેખક: વિઠ્ઠલભાઈ ગાગાણી



શ્રી રામચંદ્રાય નમઃ

શ્રી સદ્‌ગુરૂ પરમાત્મને નમઃ

પૂ. શ્રી. રણછોડદાસજી

મહારાજ દ્વારા

# બોધવચનો

× હમ દુનિયાકો ઠગ સકતે હૈ, ઇશ્વરકો નહિં.

× દૂસરેકો પીડાસમ કોઇ પાપ નહિં,
દૂસરેકો સુખ પહોંચાનેકે બરાબર કોઇ પુન્ય નહિં.

× પ્રાણી માત્રકો પ્રિય લગે સો ઉદારતાપૂર્વક દેનાહી સુખ હૈ.

× દેખો ખૂબ સોચો પ્રભુકે વિધાનમેં કુછભી ફેરફાર કરના માનવશક્તિ કે બાહર હૈ.

× કલ હોગા યહ નિશ્ચિત બાત હૈ. પર હમ કલ હોંગે યહ નિશ્ચિત નહિં હૈ.

× જગત એક ખેલ હૈ. આરંભ કબ હુઆ ઔર સમાપ્ત કબ હોગા પત્તા નહિં.

× મોતિયા તો ડોકટર અચ્છા કર સકતે હૈં, પર ક્રોધકે અંધોકી તો ભગવાન હી રક્ષા કરે.

× પ્રભુ અપના બનાલેં યહ સરલ હૈં, પર પ્રભુકો અપના બનાના અતિ કઠિન હૈ.

× યદિ હમારે રહનસહનમેં દંભ હૈ તો સમઝના હમ ભગવાનસે બહુત દૂર હૈ.

શ્રી ભીડભંજન મહાદેવાય નમઃ

# જંગલમાં મંગલ

: લેખક :

વેલજીભાઈ ગણાત્રા



પ્રકાશક અને
પ્રકાશન સ્થળ :
વેલજીભાઈ એમ. ગણાત્રા
"શ્રીજી કુંજ"
રૈયાનાકા રોડ,
રાજકોટ. (સૌરાષ્ટ્ર)
ફોન : ૨૫૨૩૪


મુદ્રક અને
મુદ્રણ સ્થાન :
દિલિપ મહેશકુમાર શાહ
"કુમાર પ્રિન્ટરી"
મોટી ટાંકી રોડ,
સદર, રાજકોટ.
ફોન : ૨૬૬૯૫

| સંવત | પ્રથમ આવૃત્તિ | માર્ચ |
|---|---|---|
| ૨૦૩૧ | નકલો ૨૨૫૦ | ૧૯૭૫ |

વ્યવસ્થા :
કનુભાઇ કોટેચા
"સાધના લોજ"
જ્યુબીલી બાગ સામે,
રાજકોટ.
ફોન : ૨૪૮૦૦

કિંમત
'અમૂલ્ય'

# આમુખ



**શ્રી** ભીડભંજન મહાદેવની જગ્યાએ જવાનો લાભ મને મળ્યો છે અને ત્યાંનું વાતાવરણ ખરેખર ગમી જાય તેવું છે.

એ જગ્યાએ તો ઘણા જાય છે પરંતુ એ જગ્યા ભૂતકાળમાં કેવી હતી અને એની કાયાપલટ કેવી રીતે થઇ તેનો ખ્યાલ બહુ ઓછાને હશે. શ્રી. વેલજીભાઇ ગણાત્રાએ આ પુસ્તક લખીને તે વિગતો તેમાં વર્ણવી છે.

શ્રી. વેલજીભાઇ ગણાત્રા એક પીઢ પત્રકાર છે. અખબારી સમાચારો તૈયાર કરવાની તેમની શૈલી એવી સુંદર અને સરળ હોય છે કે, સામાન્ય માણસો પણ તે સરળતાથી સમજી શકે છે અને વાંચવામાં પણ રસ પડે છે. 'ફૂલછાબ' દૈનિકમાં એમની કલમે લખાતા સમાચારોનો અને 'રાજકોટના અંધારાં-અજવાળાં' વિભાગનો એક મોટો ચાહક વર્ગ છે.

આ પુસ્તકનું 'આમુખ' લખી આપવા શ્રી. ગણાત્રાભાઇએ મને વિનંતી કરી. એમના પ્રત્યે મને હંમેશા મમતા રહી છે અને તેમની કલમ દ્વારા આવું સર્જન થતું હોય ત્યારે મને ખૂશી થાય એ પણ સ્વભાવિક છે.

મેં આ પુસ્તકનું લખાણ વાંચી જોયું. જગ્યાના ભૂતકાળની તેમજ તેના વિકાસ માટે શ્રી. શાન્તીનાથજી બાપુએ કરેલા ભવ્ય પુરૂષાર્થની રસપ્રદ અને જાણવા જેવી વિગતો તેમાં આલેખવામાં આવી છે એવું હું જોઇ શકયો છું.

આ પુસ્તકના લખાણની નોંધપાત્ર બીના એ છે કે, તેમાં હકિકતને હકિકત તરીકેજ રજુ કરવામાં આવી છે. કલ્પનાનો કે શબ્દોનો ખોટો ઢોળ ચડાવવાનો કોઇ પ્રયાસ થયો નથી. લખાણની શૈલી પણ સરળ છે. આ પુસ્તક જે ભાવનાથી તૈયાર થયું છે તે ભાવના જાણીને પણ મને ખુશી થઇ છે.

આ પુસ્તકના સર્જનને હું આવકારૂં છું અને લોકોને જાણવા મળે તેવી ઉપયોગી અને રસપ્રદ વિગતોવાળું આવું પુસ્તક નિઃસ્વાર્થ સેવા ભાવનાથી તૈયાર કરવાની જહેમત ઉઠાવવા બદલ હું શ્રી. ગણાત્રાભાઇને ધન્યવાદ પણ આપુ છું.


'અનુગ્રહ'
કોઠારિયા નાકા
પેલેસ રોડ,
રાજકોટ.

મુગટલાલ એ. વોરા
બાર-એટ-લો

# લેખકનું નિવેદન



એક પત્રકાર તરીકે લેખન કાર્ય એ તો મારા માટે રોજીંદી બાબત ગણાય; પરંતુ કોઈ નાનું કે મોટું પુસ્તક લખવાનો તો આ પહેલો જ પ્રસંગ છે. મને ખુશી એ વાતની છે કે, આવો પ્રથમ પ્રસંગ પણ શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા અંગેના પુસ્તકથી સાંપડયો છે. હું એ બાબતને શુભ શુકન ગણું છું તેમજ તે અંગે ધન્યતા પણ અનુભવું છું.

શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા તો ખુબ પ્રાચીન જગ્યા છે. છેલ્લા છએક વર્ષ થયા દર શ્રાવણ મહિને એક દિવસ માટે મારા કુટુંબ સાથે ત્યાં જવાનું મારે બને છે.

એ જગ્યાના વાતાવરણ તેમજ રમણિયતા અંગે અને શ્રી. શાન્તીનાથજી બાપુના વાત્સલ્ય અને વિદ્વતા અંગે કેટલુંક સાંભળેલું પરંતુ ત્યાં જવાનું બનવાથી જે કાંઇ નજરે જોયું અને જાણ્યું તે પરથી તો એમ થયું કે, જે કાંઈ સાંભળેલું તેનાથી પણ વિશેષ છે.

એ સ્થળ જોયા પછી એકાંત સ્થળે આવેલી તે જગ્યાના ભૂતકાળ અંગે તેમજ તેના હાલના વિકાસ પાછળની કથા અંગે જાણવા એક પત્રકાર તરીકે મને ઉત્કંઠા જાગ્યા કરતી; આથી જ્યારે જ્યારે ત્યાં જવાનું બનતું ત્યારે શ્રી. શાન્તીનાથજી બાપુ તથા સંતો અને સેવકો સાથે એ અંગે થોડી ચર્ચા કરીને માહિતિ મેળવવા પ્રયાસ કરતો.

જેવી હતી. તે જગ્યાએ જતા ભાવિકો અને પર્યટકોને પણ તેનો કદાચ ખ્યાલ ન હોય તેવી કેટલીક વિગતો હતી.

આ પુસ્તક અંગેનો વિચાર કેમ સ્ફુર્યો અને પુસ્તકનું સર્જન કઇ રીતે થયું તે પણ અહિં સંક્ષિપ્તમાં વર્ણવવું જરૂરી ગણું છું.

તે જગ્યાએ જતા ભાવિક કુટુંબો અને પર્યટકો ઘેર પાછા ફરતી વખતે શ્રી. શાન્તીનાથજી બાપુ પાસે તેઓશ્રીના ફોટાની માગણી કરતા અને જો ફોટા સિલિકમાં હોય તો 'બાપુ' દરેક કુટુંબને એક એક ફોટો આપતા. આ અંગે મને એમ જાણવા મલ્યું કે, 'બાપુ આ રીતે ફોટા આપી શકે તે માટે કેટલાક ભાવિકો પોતાના ખરચે 'બાપુ'ના ફોટાઓની નકલો કઢાવીને મોકલી આપતા.

આ બાબત પરથી મને એવો વિચાર સ્ફુર્યો કે જો જગ્યા અંગેની મેં એકત્ર કરેલી માહિતિનું સંકલન કરીને પુસ્તક તૈયાર કરી તેની પ્રથમ આવૃત્તિની નકલો જગ્યાને ભેટ ધરી હોય તો 'બાપુ' દરેક ભાવિક કુટુંબને ફોટાની જેમ એક એક પુસ્તક પણ આપી શકે અને ભાવિકોને તથા પર્યટકોને જગ્યા અંગે ઘણું ઘણું જાણવા મળે.

એ પુસ્તકની પ્રથમ આવૃત્તિનું સર્જન ધંધાદારી દ્રષ્ટિએ થવું ન જોઇએ તેવો પણ મારા મનમાં સંકલ્પ હતો એટલે પુસ્તકોનું જાહેરમાં વેંચાણ કરવાનો તો કોઇ સવાલ જ નહોતો.

પુસ્તક લખી આપવાથી માંડીને તે છપાઇને તૈયાર થઇ જાય ત્યાં સુધીમાં પ્રુફરીડીંગથી માંડીને બીજી જે કાંઇ સેવાઓની જરૂરત જણાય તે સેવાઓ બજાવવાની તો મારી તૈયારી હતી સવાલ માત્ર છપાઇ અંગેનો રહેતો હતો.

કેટલાક મિત્રો, ભાવિકો અને પરિચિતોએ આ વાત જાણી ત્યારે તેમણે મને આ પુસ્તક લખવા પ્રોત્સાહિત કર્યો. શ્રી. કનુભાઇ કોટેચા તથા તેમના અને મારા મિત્ર વર્તુલોએ એ અંગેની વ્યવસ્થા કેમ ગોઠવવી તે અંગે આપસમાં વિચારણા કરી લઇને પુસ્તકનું લખાણ તૈયાર કરી છાપકામ માટે મોકલી દેવા મને 'લીલી ઝંડી' આપી દીધી.

નિઃસ્વાર્થભાવે અને સેવાભાવનાથી થતા કોઇપણ કાર્યો અધુરા રહેતા નથી તે બાબતનો મને અનુભવ થયો અને એ રીતે આ નાનકડાં પુસ્તકની પ્રથમ આવૃત્તિનું સર્જન થયું.

આ પુસ્તકને સચિત્ર બનાવવામાં રાજકોટના જાણીતા પ્રેસ-ફોટોગ્રાફર શ્રી ગુણવંતભાઈ સેદાણીનો સહકાર સાંપડયો છે.

આ પુસ્તકનું 'આમુખ' રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી બેરિસ્ટર શ્રી. મુગટલાલ એ. વેરાએ લખી આપીને મારા પ્રત્યેની મમતા અને લાગણીનું પ્રતિબિંબ પાડયું છે; તેમના પ્રત્યે મને આદર છે અને એમનો આભાર માનવાનું હું કેમ ચુકી શકું ?.

આ પુસ્તકના પ્રકાશનમાં ઉપયોગી થનાર સહુને ધન્યવાદ. 'કુમાર પ્રિન્ટરી'ના ભાઇઓએ પણ અંગત રસ લઇને પુસ્તક તૈયાર કરવાના કામને સરળ બનાવ્યું હતું તે બાબતની પણ નોંધ લેવીજ રહી

આમ 'ઝાઝા હાથ રળિયામણાં' એ કહેવતને યથાર્થ ઠરાવતા આ નાનકડાં પુસ્તકનું સર્જન કરીને તે પુસ્તકની પ્રથમ આવૃત્તિની નકલો શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાને ભેટ ધરતા હું આનંદ અને ધન્યતા અનુભવું છું.

**વેલજીભાઇ ગણાત્રા**

☆

# જંગલમાં મંગલ

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | જંગલમાં મંગલ | ૧ થી ૩ |
| ૨ | પ્રાચિન સ્થળ છે | ૪ થી ૫ |
| ૩ | સમાધિ કેમ લીધી ? | ૬ થી ૭ |
| ૪ | ઉકેલ જડતો નહોતો | ૮ થી ૯ |
| ૫ | તપસ્વીજીનું આગમન | ૧૦ થી ૧૪ |
| ૬ | પુરૂષાર્થ આરંભ્યો | ૧૫ થી ૧૬ |
| ૭ | ભાવિકો ઉમટવા માંડયા | ૧૭ થી ૧૯ |
| ૮ | કાયાપલટ થઇ ગઇ છે | ૨૦ થી ૨૧ |
| ૯ | મંદિર આરસનું બન્યું | ૨૨ થી ૨૪ |
| ૧૦ | સુંદર અતિથિગૃહ | ૨૫ |
| ૧૧ | ભોજનાલય | ૨૬ |
| ૧૨ | ગૌશાળા | ૨૭ |
| ૧૩ | સંતકુટિર | ૨૮ |
| ૧૪ | વિશ્રાંતિગૃહ | ૨૯ થી ૩૧ |
| ૧૫ | વિરપુરની સરવાણી | ૩૨ થી ૩૩ |
| ૧૬ | તપસ્વીજી શ્રી. શાંતિનાથજી બાપુ | ૩૪ થી ૩૭ |
| ૧૭ | પર્યટન સ્થળ | ૩૮ થી ૪૦ |


☆

પ્રકરણ ૧લું

# જંગલમાં મંગલ

રાજકોટ જીલ્લાના જેતપુર (કાઠીનું) થી દક્ષિણે ૬ કીલોમીટર દૂરના અંતરે એક નાનકડી નદીના કાંઠે શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા આવેલી છે.

એક જમાનામાં એ સ્થળે વેરાન જંગલ જેવું હતું જયારે આજે આખુ દ્રષ્ય બદલાઇ ચૂકયું છે.

નદીના એક કાંઠેથી સામા કાંઠે આવેલ શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાએ જવા માટે બેઠા ઘાટનો પાકો પૂલ છે. પૂલના પ્રવેશદ્વારની બેય બાજુએ પત્થરના સિંહો નજરે ચડે છે.

એ પૂલના પ્રવેશદ્વારમાં દાખલ થતાની સાથેજ મન અને હૈયું નાચી ઉઠે અને આંખો તો જોતા પણ ધરાય નહિં તેવું સુંદર અને મનોરમ્ય દ્રષ્ય નજરે ચડવા માંડે છે.

લીલાછમ ઘટાટોપ વૃક્ષો તે જગ્યા કેવી સુંદર હશે તેનો પ્રાથમિક ખ્યાલ આપી રહે છે.

નાનકડો પૂલ ઓળંગીને ઘટાટોપ વૃક્ષો પાસેથી પસાર થયા બાદ એક વિશાળ ચોક આવે છે. તે ચોકમાં પણ શિતળ છાંય આપતા વૃક્ષો નજરે ચડે છે.


સામેના ભાગે શ્રી ભીડભંજન મહાદેવનું સુંદર બાંધકામ અને નકશીદાર કારીગરીવાળું મંદિર, તપસ્વીજીની મઢુલી, ભોજનાલય, વિશ્રાંતિગૃહ વગેરે નજરે ચડવા ઉપરાંત લાંબા-પહોળા વિસ્તારમાં જગ્યાની ચોતરફ લીલાછમ વૃક્ષો, ફળઝાડો તથા રંગબેરંગી પુષ્પોવાળા છોડવાઓ નજરે ચડે છે. આંખને ગમી જાય તેવું એ દૃશ્ય હોય છે.

તે જગ્યાએ એક વખત ગયા પછીથી ત્યાં ફરી વખત જવા માટે મન થયા કરે એવું એ સુંદર સ્થળ છે. ત્યાં ગયા પછી મન જાણે શાંતિ અનુભવતું હોય તેવું લાગ્યા વિના રહેતું નથી.

આ સ્થળ શહેરી વિસ્તારથી દૂર એકાંત સ્થળે આવેલું હોવાથી ભાવિકો, યાત્રાળુઓ, પ્રવાસીઓ તેમજ સ્હેલાણીઓને તેઓ જાણે કોઇ અલૌકિક સ્થળે હોય તેવી લાગણી અચુક થાય છે.

રામાયણમાં શ્રી રામચંદ્રજી ભગવાન અને સીતામાતા પંચવટીમાં રહેલા તેવો ઉલ્લેખ છે. એ 'પંચવટી' કેવી હતી તે કોઇ કહી શકે તેમ નથી પરંતુ ભીડભંજન મહાદેવની જગ્યાની સુંદરતા જોયા પછી એવી કલ્પના થાય કે કદાચ એ 'પંચવટી' આવી હશે.

આ જગ્યાની મુલાકાતે ભાવિકો જાય છે અને સ્હેલાણીઓ પણ જાય છે. ધાર્મિક સ્થળ ઉપરાંત તે



લીલાછમ વૃક્ષોથી શોભતું જગ્યાનું
સોહામણું પ્રવેશદ્વાર

પર્યટન સ્થળ પણ બની રહ્યું છે. શાળાઓના બાળકોને પણ સ્પેશ્યલ બસ દ્વારા પ્રવાસ કાર્યક્રમ વખતે તે સ્થળે લઇ જવામાં આવે છે.

જગ્યાના ચોકમાં સ્પેશ્યલ બસો, મોટરો, ઘોડાગાડીઓ, સ્કૂટરો, મોટરસાયકલો, સાયકલો, રીક્ષાઓ વગેરે વાહનો નજરે ચડતા હોય છે. ભાવિકો અને સ્હેલાણીઓ તે વાહનોમાં ત્યાં ગયા હોય છે અને સાંજ સુધી રોકાયા પછી ફરી તે વાહનોમાંજ પાછા ઉપડી જાય છે.

ભાવિકોને શાંતચિત્તે અને નિરવ શાંતિમાં મહાદેવજીના દર્શન કરીને ધ્યાન ધર્યાનો સંતોષ પ્રાપ્ત થાય છે જ્યારે સ્હેલાણીઓને આવા રમણિય સ્થળે ફરીને માનસિક શાંતિ મળ્યાનો સંતોષ થાય છે.

તે સ્થળેથી વિદાય લેતી વખતે ઘડીકમાં પગ ઉપડતા નથી; ત્યાં હજી થોડો વધુ વખત રોકાઇએ તેવી લાલચ મનમાં જાગ્યા કરે છે.

આમ શ્રી ભીડભંજન મહાદેવના મંદિરવાળું આ સ્થળ 'જંગલમાં મંગલ' સમુ બની રહ્યું છે. આનો યશ જગ્યાના વયોવૃદ્ધ તપસ્વીજી શ્રી શાન્તીનાથજી બાપુના ફાળે જાય છે. આજની આ જગ્યાનું મહત્વ તેઓશ્રીના પુરૂષાર્થ, વાત્સલ્યતા, પ્રભાવ, જ્ઞાન અને ધગશનું પરિણામ છે.

★

પર્યટન સ્થળ પણ બની રહ્યું છે. શાળાઓના બાળકોને પણ સ્પેશ્યલ બસ દ્વારા પ્રવાસ કાર્યક્રમ વખતે તે સ્થળે લઇ જવામાં આવે છે.

જગ્યાના ચોકમાં સ્પેશ્યલ બસો, મોટરો, ઘોડાગાડીઓ, સ્કૂટરો, મોટરસાયકલો, સાયકલો, રીક્ષાઓ વગેરે વાહનો નજરે ચડતા હોય છે. ભાવિકો અને સ્હેલાણીઓ તે વાહનોમાં ત્યાં ગયા હોય છે અને સાંજ સુધી રોકાયા પછી ફરી તે વાહનોમાંજ પાછા ઉપડી જાય છે.

ભાવિકોને શાંતચિત્તે અને નિરવ શાંતિમાં મહાદેવજીના દર્શન કરીને ધ્યાન ધર્યાનો સંતોષ પ્રાપ્ત થાય છે જ્યારે સ્હેલાણીઓને આવા રમણિય સ્થળે ફરીને માનસિક શાંતિ મળ્યાનો સંતોષ થાય છે.

તે સ્થળેથી વિદાય લેતી વખતે ઘડીકમાં પગ ઉપડતા નથી; ત્યાં હજી થોડો વધુ વખત રોકાઇએ તેવી લાલચ મનમાં જાગ્યા કરે છે.

આમ શ્રી ભીડભંજન મહાદેવના મંદિરવાળું આ સ્થળ 'જંગલમાં મંગલ' સમુ બની રહ્યું છે. આનો યશ જગ્યાના વયોવૃદ્ધ તપસ્વીજી શ્રી શાન્તીનાથજી બાપુના ફાળે જાય છે. આજની આ જગ્યાનું મહત્વ તેઓશ્રીના પુરૂષાર્થ, વાત્સલ્યતા, પ્રભાવ, જ્ઞાન અને ધગશનું પરિણામ છે.

☆

# પ્રાચીન સ્થળ છે

શ્રી ભીડભંજન મહાદેવની આ જગ્યા આમ તો છેલ્લા અઢી ત્રણ દાયકા થયા બહુ પ્રકાશમાં આવી છે પરંતુ હકિકતમાં તો એ પ્રાચીન સ્થળ છે.

આજથી છ દાયકા પહેલાં ત્યાં વેરાન જંગલ જેવું હતું; ઠેર ઠેર બાવળની કાંટ નજરે ચડતી હતી. એની વચ્ચે લોખંડની જાળીના બારણાવાળું આ જુનુ મંદિર હતું.

અઠવાડિયામાં એકાદ વખત ત્યાં સેવા-પૂજા જેવું થતું. એક વૃદ્ધ માજી ત્યાં ધૂપ-દિપ દર સોમવારે કરી આવતા અને પછી તાળુ મારીને ચાલ્યા જતા.

એ જમાનામાં ધોળે દિવસે પણ તે તરફ ફરકવાની લોકો ભાગ્યેજ હિંમત કરી શકતા. લાંબા કાળા નાગ અને અન્ય જીવજંતુઓ તો તે ઝાડીમાં અને ઝાડીની બહાર નજરે ચડતા. રાતનું અંધારૂં થયા પછી તો ભલભલાની છાતી બેસી જાય એવું બિહામણું દ્રશ્ય ભાસતું.

ચોર-ડાકુઓ, લુંટારૂઓ અને ધાડપાડુઓ માટે રાતવેળાએ એ સ્થળ આશ્રયસ્થાન સમુ બની જતું; આને કારણે આજુબાજુના ગામોની વસ્તીને સાથે પણ આવા

તત્ત્વોનો ભય ઝળુંબ્યા કરતો અને તાલુકાદારો સમા ગામધણી—રાજધણી જેવા દરબારો માટે પણ એ બાબત શિરદર્દ સમી બની રહેતી હતી.

એ કાળમાં તે મંદિરને અડીને એક ઘેઘુર જુનો વડલો હતો, નવાઇની હકિકત તો એ હતી કે 'કાળ ભૈરવ'ની તેમજ બીજી અમુક મૂર્તિઓ તે વડલાના થડની બખોલમાં હતી; માતાપાર્વતીજીની મૂર્તિ પણ ત્યાં હતી.

એ સ્થળે એક સાધુ મહાત્માએ તે કાળમાં જીવતા સમાધી લીધી હતી. આજે તો શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા ઉપર જણાવ્યું તેમ યાત્રાસ્થળ સમુ બની ગયું છે પરંતુ ભૂતકાળના સંસ્મરણ સમુ એ સમાધિસ્થળ હજી પણ જાળવી રખાયું છે.

તે સ્થળ અને સ્થાનક વેરાન હોવા છતાં મૂર્તિઓ પ્રાચીન હતી; એની દેખભાળ અને માવજત થઇ શકતા નહોતા.

★

## પ્રકરણ ૩જુ

# સમાધિ કેમ લીધી ?


શ્રી ભીડભંજન મહાદેવના મંદિરમાં જે સમાધિ-સ્થળ છે તે પણ ભાવિકોને કેટલાક સાધુ-સંતો કેવા પરોપકારી, ચમત્કારિક, ત્યાગી અને પરહિત કાજે પોતાનું જીવન સમર્પીત કરવાની ભાવનાવાળા હોય છે તેનો ખ્યાલ આપી રહ્યું છે.

એ સમાધિસ્થળ સન્યાસી મહાત્મા શ્રી લક્ષ્મણગીરી-જીનું છે. તેઓ આમ તો ગીરનારમાં રહેતા પરંતુ આ તરફના કાઠી દરબારો તેમના સેવકો ખરા એટલે કોઇ કોઇ વખતે પધરામણી કરતા.

જેતપુરમાં ભયંકર કોલેરા ફાટી નિકળેલો; માણસો ટપોટપ મરતા હતા. કોઈ કોઇની સંભાળ લઇ શકે નહિ તેવી હાલત સર્જાતી જતી હતી.

રાજ્યધુરા સંભાળતા કાઠી દરબારોએ શ્રી. લક્ષ્મણ-ગીરીજી પાસે ધાં નાખી. કોલેરામાંથી લોકોને બચાવવા માટે કાંઇક કરવા આજીજી કરી.

શ્રી. લક્ષ્મણગીરીજી કાંઇ સામાન્ય સંત-મહાત્મા નહોતા; તેમના ત્યાગ અને સાધના ગજબના હતા.



## સમાધિ સ્થાન :

વર્સો પહેલાં શ્રી લક્ષ્મણગીરીજી નામના ચમત્કારિક મહાત્માએ જ્યાં જીવતા સમાધિ લીધી હતા.

તેમણે પોતાના સેવકોની વહારે ધાવાનું નક્કી કર્યું પરંતુ સાથોસાથ તેઓ ચમત્કારિક મહાત્મા તરીકે લોકોમાં પ્રચલિત થવા માગતા નહોતા. જો એક વખત ચમત્કારિક મહાત્મા તરીકે પ્રચલિત બની જાય તો પછી લોકો તેમનો કેડો છોડે નહિં તેવું તેઓ માનતા હતા.

આથી તેમણે જેતપુરને કોલેરામાંથી બચાવી લેવા માટે પોતાની સાધનાને કામે લગાડતા પહેલાં વેરાન જંગલમાંના શ્રી ભીડભંજન મહાદેવના મંદિર નજીક સમાધિ માટે ખાડો ખોદાવી રાખ્યો.

આ પછી તેમણે જેતપુર જઇને આખા શહેર ફરતી પોતાની પાસેના કમંડળમાંથી પાણીની ધારાવળી કરી. તે કામ પુરૂ કરીને સીધા ભીડભંજન મહાદેવના મંદિરે પહોંચ્યા અને ત્યાં જીવતા સમાધિ લઈ લીધી. જેતપુરમાંથી કોલેરાનો રોગચાળો નાબુદ થઇ ગયેલો જોઇને હર્ષઘેલા લોકો એ ચમત્કારિક મહાત્માના દર્શન કરવા ઉપડયા પરંતુ મહાત્મા લક્ષ્મણગીરીજીએ તો સમાધિ લઇ લીધી હતી. લોકોએ એ સમાધિ સ્થળ પાસે જય-જયકાર ગજાવ્યો; ધૂપ-દિપ કરીને શ્રીફળ વધેર્યાં.

જગ્યાના હાલના તપસ્વીજી શ્રી શાન્તીનાથજી બાપુએ એ સમાધિસ્થળ સરખી રીતે જાળવી રાખીને શ્રી લક્ષ્મણગીરીજીની સ્મૃતિને તેમજ એ ઘટનાને ચીરંજીવ બનાવ્યા છે.

★

શ્રી ભીડભંજન મહાદેવનું આવું પ્રાચીન સ્થાનક અને શ્રી શંકરભગવાન, માતાપાર્વતીજી. કાળભૈરવ વગેરેની સુંદર પ્રાચીન પ્રતિમાઓ છતાં તે સ્થાન 'અપૂજ' જેવું રહ્યા કરતું.

અધુરામાં પુરૂ જેતપુર, પીઠડિયા, ચાંપરાજપુર વગેરે તાલુકાઓની ભાગોળેજ કહી શકાય તેવા આ સ્થળનો ઉપયોગ ચોર-ડાકુઓ, ધાડપાડુ. બહારવટિયાઓ વગેરે આશ્રય માટે કરતા તે હકિકત પણ ઉપરોક્ત તાલુકાઓના દરબાર સાહેબોને પણ ખૂંચ્યા કરતી હતી.

તે દરબાર સાહેબોને આ સ્થાનક પ્રત્યે ખૂબજ આસ્થા પણ હતી. વળી ધાડપાડુઓ ત્યાં આશ્રય લેતા હોવાથી તેમના તાલુકાઓના ગામોની વસ્તી પર એ ભય ઝળુંબ્યા કરતો હતો.

આ તાલુકાઓના કેટલાક શ્રીમંતોને પણ આ વાત સાલ્યા કરતી હતી. આનો કાંઈક ઉકેલ લાવવો જોઇએ તેવું સહુ ઇચ્છતા હતા પરંતુ કાંઇ ઉકેલ જડતો નહોતો.

એક કહેવત છે કે, જો સાચી નિષ્ઠા હોય અને ભગવાન પ્રત્યે આસ્થા હોય તો એનો ઉકેલ શોધવામાં ભગવાન પોતેજ સહાય કરે છે; આ બાબતમાં પણ એવું જ બન્યું.

સેવા ત્રણ પ્રકારે થઇ શકે છે; તન, મન અને ધનથી, તન એટલે શ્રમ, મન એટલે ભાવના અને ધન એટલે નાણું. આજના જગતમાં નાણાંની બોલબાલા હોવા છતાં તનની સેવા ચડિયાતી છે. જો તેમ ન હોય તો તન, મન અને ધન એમ કહેવાય છે એના બદલે ધન, મન અને તન એવું કહેવાતું હોત. આ હકિકત પણ એવું સૂચવે છે કે, ધનની સેવા કરતા તનની સેવા ચડિયાતી છે.

—શ્રી શાન્તીનાથજી બાપુ

# તપસ્વીજીનું આગમન

આજથી લગભગ છ દાયકા પહેલાંની આ વાત છે. છત્રીશેક વર્ષની ઉંમરના એક સંત મહાત્મા ગુપ્તકાશી, ઋષીકેશ, કુંભ અને ગીરનાર તરફ થઇને જેતપુર તરફ પધાર્યા.

એમનું પ્રભાવશાળી વ્યક્તીત્વ, એમનું જ્ઞાન, એમનો ચ્હેરો, એમનું લલાટ એ વાતની પ્રતિતિ કરાવતા હતા કે, એ કોઇ સામાન્ય વ્યક્તી નહિં; પણ કોઇ મહાન વિભૂતી હશે.

તેમની સાથે તેમના એક યુવાન શિષ્ય પણ હતા. એનું નામ કશ્મીરી સરસ્વતિજી હતું. કશ્મીરીજીની એમના ગુરૂ પ્રત્યેની આદરભાવના અને સેવાભાવના જોઇને તે ગુરૂ શિષ્યને લોકો 'રામ-હનુમાન' સાથે સરખાવવા લાગ્યા હતા.

શ્રી ભીડભંજનના સ્થાનકનો જાણે ઉદ્ધાર થવા સર્જાયો હોય તેમ એ સન્યાસી મહાત્માને કેટલાકે એ સ્થાનકની વાત કરી. એ મંદિર સાચા અર્થમાં મંદિર બની રહે તેવું કાંઇક કરવા વિનંતિ કરી.

ધર્મસ્થાન 'અપૂજ' રહેતું હોય ત્યારે આવા 'સન્યાસી-મહાત્મા' ચૂપ કેમ રહી શકે ? તેમણે એ

## પ્રકરણ ૫મુ

# તપસ્વીજીનું આગમન

આજથી લગભગ છ દાયકા પહેલાંની આ વાત છે. છત્રીશેક વર્ષની ઉંમરના એક સંત મહાત્મા ગુપ્તકાશી, ઋષીકેશ, કુંભ અને ગીરનાર તરફ થઇને જેતપુર તરફ પધાર્યા.

એમનું પ્રભાવશાળી વ્યક્તીત્વ, એમનું જ્ઞાન, એમનો ચહેરો, એમનું લલાટ એ વાતની પ્રતિતિ કરાવતા હતા કે, એ કોઇ સામાન્ય વ્યક્તી નહિં; પણ કોઇ મહાન વિભૂતી હશે.

તેમની સાથે તેમના એક યુવાન શિષ્ય પણ હતા. એનું નામ કશ્મીરી સરસ્વતિજી હતું. કશ્મીરીજીની એમના ગુરૂ પ્રત્યેની આદરભાવના અને સેવાભાવના જોઇને તે ગુરૂ શિષ્યને લોકો 'રામ-હનુમાન' સાથે સરખાવવા લાગ્યા હતા.

શ્રી ભીડભંજનના સ્થાનકનો જાણે ઉદ્ધાર થવા સર્જાયો હોય તેમ એ સન્યાસી મહાત્માને કેટલાકે એ સ્થાનકની વાત કરી એ મંદિર સાચા અર્થમાં મંદિર બની રહે તેવું કાંઇક કરવા વિનંતિ કરી.

ધર્મસ્થાન 'અપૂજ' રહેતું હોય ત્યારે આવા 'સન્યાસી-મહાત્મા' ચૂપ કેમ રહી શકે ? તેમણે એ

સ્થાનકની સેવા–પૂજા માટે એક ભારથીને શોધી કાઢયો. પોતે પોતાના શિષ્ય સાથે થોડા દિવસો ત્યાં ગાળીને તેને 'સથવારો' આપશે તેવી હૈયાધારણ આપી.

એ નિર્જન સ્થળે આવેલા મંદિરની સેવા–પૂજા કરવા આખરે ભારથીએ સહમતિ આપી. શ્રી. લખુભાઇ શેઠ આરતી ને ધજા લાવ્યા. સહુ તે સ્થળે ગયા.

સવારે સાડા દશ વાગ્યે ત્યાં આગળ એક કાચો ધુણો નાખ્યો. મંદિરની સાફસુફી કરવાની હતી. પરંતુ ભારથીએ જણાવ્યું કે, મંદિરને તો તાળું છે, સન્યાસી–મહાત્મા મંદિરના દરવાજે ગયા. તાળાને હાથ અડાડતાની સાથેજ તાળું ખુલ્લી ગયું; ચાવી લાવવાની જરૂરતજ ન રહી. સન્યાસી–મહાત્માએ કહ્યું કે, ભગવાન સેવા–પૂજા ઇચ્છે છે તેનો આ પુરાવો છે. ભારથી તો આ ચમત્કાર જોઇને દિંગ બની ગયો હતો.

ભગવાનની સેવા–પૂજા અને આરતી કરતા પહેલાં ભારથી નજીકની નદીમાં સ્નાન કરી આવ્યો. તેણે મંદિરમાં મહાદેવની પૂજા કરી; આ પછી હાથમાં પૂજ-નિધા સાથે મંદિર નજીકના વડની બખોલમાં આવેલ કાળભૈરવની મૂર્તિની પૂજા કરવા ગયો. એ વખતે વળી એક નવો ચમત્કાર સર્જાયો. કાળભૈરવની મૂર્તિની આરતી ઉતારવા ભારથીએ પોતાના હાથમાંનું ઘીની વાટવાળા

દિવાનું 'પૂજનિયું' ઘુમાવ્યું તે વખતેજ તેના હાથમાંથી 'પૂજનિયુ" જાણે કોઇએ ઝોંટ મારીને આંચકી લીધું હોય તેમ ફંગોળાઇ ગયું. ભારથી તો આ જોઇને ડઘાઇ ગયો અને ભયભીત બની ગયો. તે સન્યાસી મહાત્મા પાસે દોડી ગયો. પોતે અહિં રોકાવા માંગતો નથી કે સેવા–પૂજા કરવા માગતો નથી તેવું કહીને એ તો મુઠ્ઠીઓ વાળીને એવો ભાગ્યો કે પાછો કદી ડોકાયોજ નહિં.

સન્યાસી–મહાત્મા સમજી ગયા કે, પોતે ત્યાં રોકાઇ રહે તેવું ભગવાન ઇચ્છતા લાગે છે; પણ તિર્થધામોમાં અને ગીરનારની ગુફાઓમાં રહીને 'આરાધના' કરતા એ સન્યાસી મહાત્માને આ રીતે રોકાઈ રહેવાની બહુ ઇચ્છા નહોતી.

તેમણે તેમના શિષ્ય કશ્મીરીજીનો મત પૂછયો. કશ્મીરીજી તો ઉપર જણાવ્યું તેમ રામના હનુમાન જેવા હતા. એમણે કહ્યું, 'મારે આપને સલાહ આપવાની ન હોય પરંતુ આપની આજ્ઞાનું પાલન કરવાનું હોય; જેમાં આપ ખૂશી તેમાં હું ખૂશી'.

એક તરફ મહાદેવ 'અપૂજ' રહે તેવી પરિસ્થિતિ હતી તો બીજી તરફે 'બંધન' આવી પડે તેમ હતું. સન્યાસી મહાત્મા શું નિર્ણય કરવો તે અંગે ગડમથલમાં પડયા હતા.



કાળભૈરવની મૂર્તિ

બરાબર એ ટાંકણેજ નદી તરફથી કોઇ 'સંત' ત તરફ નિકળ્યા. તે સંત જાણે આ બધી ગડમથલ પામી ગયા હોય તેમ તેમણે સન્યાસીજીના હાથમાં સવા રૂપિયો મૂકયો અને એ સ્થાન નહિં છોડવા સૂચવ્યું. થે ડીવારમાંજ એ સંત તો ત્યાંથી ચાલી નિકળ્યા અને અંતર્ધ્યાન થઇ ગયા.

આવા નિર્જન સ્થાને ખરા ટાંકણે સંતનું ટપકી પડવું, શુકન સમો સવા રૂપિયો આપવો, તે સ્થાન નહિં છોડવા સૂચન કરવું અને સંતનું અંતર્ધ્યાન થઇ જવું એ બધી બાબતો સન્યાસી મહાત્મા તથા તેઓશ્રીના શિષ્ય કશ્મીરી સરસ્વતીજીને અસામાન્ય પ્રકારની જણાઈ.

જાણે ભગવાને પોતેજ તેમને તેવી આજ્ઞા કરી હોય તેવું તેમને જણાયું; આથી 'જેવી ભગવાનની ઇચ્છા' તેવું કહીને તે ગુરૂ-શિષ્યે તે સ્થાનકેજ પડાવ નાખ્યો અને મુકામ કર્યો. મહાદેવની સેવા-પૂજા અને સ્થાનકની જાળવણી પાછળ ધ્યાન કેન્દ્રીત કરવા દ્દઢ નિર્ણય કરી લીધો. એ સ્થાનકની જાળવણી પાછળ અને તેના વિકાસ માટે જીવન સમર્પિત કરી દેવા મનમાં ગાંઠ વાળી લીધી.

આવો દ્દઢ નિર્ધાર કરનાર એ સન્યાસી મહાત્મા બીજા કોઇ નહિં પરંતુ અત્યારની શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાના વયોવૃદ્ધ તપસ્વીજી છે તે શ્રી. શાન્તિનાથજી

બાપુ પોતે હતા. આમ આજે ૫૯ થી ૬૦ વર્ષ થયા એટલે કે છ દાયકા થયા તેમણે એ જગ્યાના જતન માટે જે 'ભેખ' લીધો છે તે યથાર્થ કરી બતાવ્યો છે. આજે એ સ્થાન 'જંગલમાં મંગલ' સમુ સોહી રહ્યું છે.

★

ભગવાનને નાણાંની ભુખ નથી; ભગવાન તો ભાવનાના ભુખ્યા છે. જેમ કૃષ્ણ ભગવાને સુદામાએ ભાવનાથી લાવેલા તાંદુર આરોગીને તેમનું દળદર મીટાવી દીધું તે રીતે ભગવાનને ચરણે તમે જે કાંઇ ધરો છો તે સુદામાના તાંદુર જેવું છે અને ભગવાન એ રીતે સહર્ષ સ્વિકારીને તમારૂ દળદર મિટાવે છે.

—શ્રી. યોગીજી મહારાજ

બરાબર એ ટાંકણેજ નદી તરફથી કોઇ 'સંત' તે તરફ નિકળ્યા. તે સંત જાણે આ બધી ગડમથલ પામી ગયા હોય તેમ તેમણે સન્યાસીજીના હાથમાં સવા રૂપિયો મૂકયો અને એ સ્થાન નહિં છોડવા સૂચવ્યું. થે ડીવાર-માંજ એ સંત તો ત્યાંથી ચાલી નિકળ્યા અને અંતર્ધ્યાન થઇ ગયા.

આવા નિર્જન સ્થાને ખરા ટાંકણે સંતનું ટપકી પડવું, શુકન સમો સવા રૂપિયો આપવો, તે સ્થાન નહિં છોડવા સૂચન કરવું અને સંતનું અંતર્ધ્યાન થઇ જવું એ બધી બાબતો સન્યાસી મહાત્મા તથા તેઓશ્રીના શિષ્ય કશ્મીરી સરસ્વતીજીને અસામાન્ય પ્રકારની જણાઇ.

જાણે ભગવાને પોતેજ તેમને તેવી આજ્ઞા કરી હોય તેવું તેમને જણાયું; આથી 'જેવી ભગવાનની ઇચ્છા' તેવું કહીને તે ગુરૂ-શિષ્યે તે સ્થાનકેજ પડાવ નાખ્યો અને મુકામ કર્યો. મહાદેવની સેવા-પૂજા અને સ્થાનકની જાળવણી પાછળ ધ્યાન કેન્દ્રીત કરવા દૃઢ નિર્ણય કરી લીધો. એ સ્થાનકની જાળવણી પાછળ અને તેના વિકાસ માટે જીવન સમર્પિત કરી દેવા મનમાં ગાંઠ વાળી લીધી.

આવો દૃઢ નિર્ધાર કરનાર એ સન્યાસી મહાત્મા બીજા કોઇ નહિ પરંતુ અત્યારની શ્રી ભીડભંજન મહા-દેવની જગ્યાના વયોવૃદ્ધ તપસ્વીજી છે તે શ્રી. શાન્તિનાથજી

# પુરૂષાર્થ આરંભ્યો

સન્યાસી મહાત્મા શ્રી. શાંતિનાથજી બાપુ તથા તેમના શિષ્ય કશ્મીરીજીએ તો એ સ્થાનકનો હવાલો સંભાળ્યા પછીથી એ જગ્યાની શીકલ પલટાવી નાખવા માટેનો પુરૂષાર્થ આરંભી દીધો.

મંદિરની સામે જ કાચો ધુણો નાખ્યો; મંદિરની બાજુમાં રહેવા માટે ગાળ-માટી અને સાંઠીનો નાનકડો કુબો પણ ઉભો કરી દીધો.

મંદિરને સાફસુફ કરી ત્યાં પૂજા-આરતીનો પ્રારંભ કર્યો. ભજન-કિર્તન પણ થવા માંડયા. મહાદેવની સ્તુતિ ગવાતી થઇ. આ રોજીંદો કાર્યક્રમ થઇ પડયો. કોઇ કોઇ માણસો તે સ્થળે આવતા જતા પણ થયા. આ ગુરૂ-શિષ્યની પ્રભુ-ભક્તિથી કેટલાક આકર્ષાયા પણ ખરા.

શ્રી. શાંતિનાથજી બાપુ અને તેમના શિષ્યે તો સેવા-પૂજામાંથી પરવાર્યા પછીથી બાવળની કાંટ કાપીને મેદાન સાફ કરવાની, અવાવરૂ કુવો ઉલેચવાની, ફળ—ઝાડ અને વૃક્ષો વાવવાની તથા ખભા પર પાણીની કાવડો ખેંચીને ફળફૂલના છોડવા તથા વૃક્ષોને પાણી પાવાની તનતોડ મહેનત શરૂ કરી. કેટલાક ખેડુતો

અને મજુરો ત્યાંથી પસાર થતા ત્યારે આ મહેનત જોઇને દિંગ થઇ જતા. તેઓ પણ તેમાં થોડો વખત સાથ આપતા.

મંદિર નજીકનો અવાવરૂ કુવો ઉલેચાતો હતો ત્યારે તેમાંથી એક ડઝનથી પણ વધુ મરેલા સાપો નિકળ્યા હતા; હાડકાં તો ભારીઓબંધ નિકળ્યા હતા.

તે સ્થાનકની આવી કાયાપલટ ત્યાં આશ્રય લઇ રહેલા ચોર-ડાકુઓ અને બહારવટિયા જેવા લુંટારૂઓને ગમી નહિં. આ ગુરૂ-શિષ્ય સ્થાનક છોડી જાય અને ડરીને ભાગી જાય તે માટે અનેકવિધ પેંતરા કરવા માંડયા પરંતુ 'જંગલના જોગી'ને વળી ડર શાનો હોય? ધીમે ધીમે પરિસ્થિતિ એવી ઉભી થઇ કે, ચોર-ડાકુઓ અને લૂંટારૂઓ પોતે જ આખરે તે સ્થાને રાતવાસો ગાળતા બંધ થઈ ગયા.

કેટલીક વખત તો રાતવેળાએ આ ગુરૂ-શિષ્યની પથારીઓ નજીક ભયંકર કાળા નાગ આંટા મારતા; આવું ભયાનક દૃષ્ય પણ શ્રી. શાંતિનાથજી બાપુની શાંતિમાં ખલેલ પહોંચાડી શકતું નહોતું. કાળોતરાઓ પણ જાણે તપસ્વીના દર્શને આવતા હોય તેમ તેમની પથારી ફરતા ફરીને પાછા ચાલ્યા જતા. આવો હતો તપસ્વીજીનો પ્રભાવ. અને આવી હતી તેમની નિર્ભયતા, અડગતા, અને મક્કમતા. ★

## પ્રકરણ ૭મુ

# ભાવિકો ઉમટવા માંડયા

એ નિર્જન સ્થળેથી લુંટારૂઓ ઉચાળાં ભરી ગયા છે અને બાવળની કાંટના સ્થળે ફળ-ફૂલના છોડવાં અને વૃક્ષો રોપાઇ રહ્યા છે તેવું જાણીને ભાવિકો તે સ્થળે ઉમટવા માંડયા.

તપસ્વીજી શ્રી. શાંતિનાથજી બાપુનું નામ તે વિસ્તારમાં લોકજીભે ચડવા માંડયું. કાળોતરા સાપો પણ જેમને કાંઇ કરવાનાં પ્રયાસો કરતા નહોતા અને ભયંકર ચોર-ડાકુઓ પણ જેમને ડગાવી કે ડરાવી શકયા નહિ એવા શ્રી. શાંતિનાથજી બાપુને લગતી કેટલીક દંતકથાઓ પણ વહેતી થઇ. તેમને ભગવાન હાજરાહજુર છે અને તેઓ ધારે તેવો ચમત્કાર સર્જી શકે છે તેવી પણ અનેકવિધ વાતો પ્રસરવા માંડી હતી.

આ બધી વાતોમાં કેટલું તથ્ય છે એ તો રામ જાણે પણ આવા મહાપુરૂષોના નામ સાથે આવી ઘણી કથાઓ સાંકળાતી હોય છે; આજે પણ એમ કહેવાય છે કે તે સ્થાનકમાં જે કાળભૈરવની મૂર્તિ છે. એ કાળ ભૈરવ તપસ્વી બાપુને હાજરાહજુર છે દર શનિવારે રાત્રે તપસ્વીજી શ્રી. શાંતિનાથજી બાપુ મોડી રાતે કાળભૈરવની સમક્ષ બેસીને પૂજા કરે છે, પ્રસાદ ધરે છે અને ધ્યાન ધરે છે.

શરૂઆતના પ્રથમ દિવસે જ કાળભૈરવની આરતી ઉતારવા ગયેલા ભારથીના હાથમાંથી 'પૂજનિયુ' ઉડી પડેલું તે વાતની ગવાહી તો શ્રી. શાંતિનાથજી બાપુ પોતે પુરી પાડે છે. કેટલાક ભાવિકો એવું માને છે કે ઘણી વખત ગુરૂવારે કાળભૈરવના સ્થાનક નજીકથી ધૂપ થયો હોય તેવી સુગંધ એની મેળાએ આવ્યા કરે છે.

જે કાંઇ હોય તે પરંતુ આ સ્થાનકની શીકલ પલટવા માંડી. ભાવિકો, શેઠિયા-શ્રીમંતો અને તાલુકદારો પણ તે સ્થળે આવતા જતા થયા. એ સ્થળ ચાંપરાજપૂરની હદમાં હોવાથી ચાંપરાજપુર દરબાર સાહેબ તથા તેમના કુટુંબીજનોને તો આ સ્થળ અને સ્થાનક પ્રત્યે ખૂબ ભાવના હતી. થાણાદેવડીના અને વાઘણિયાના દરબાર સાહેબોને પણ આ સ્થાનક પ્રત્યે ભાવિકતાની દષ્ટિએ ભારે રસ જાગ્યો હતો.

ભાવિકો અને સેવકોની સંખ્યા વધવા માંડી દરબાર સાહેબો ઉપરાંત એ ભાવિકો પણ આ સ્થાનકના વિકાસ માટે તન, મન અમે ધનથી સેવાઓ આપવા માંડયા. સાધુ-સંતો પણ આવવા માંડયા અને નિર્જન દેખાતું સ્થળ લોકોથી ઉભરાતું બન્યું.

બાવળની કાંટના સ્થાને રંગબેરંગી ફુલોવાળા છોડવાઓથી એ સ્થળ શોભવા લાગ્યું. લીલાછમ વૃક્ષો અને ફળઝાડોએ એ સ્થાનકની 'કાયાપલટ' કરી નાખી.

ચાંપરાજપુર દરબાર સાહેબે આ સ્થાનકના નિભાવ માટે ખેતી લાયક જમીન કાઢી આપેલી જે આજે પણ છે. સ્થાનકના સેવકો એ ખેડે છે અને સ્થાનક માટેનો ભાગ પહોંચાડી જાય છે.

મંદિરમાં બે વખત થતી પુજા-આરતી નિહાળવા અને દર્શન કરવા આજુબાજુના ખેતરોમાંથી ખેડુતો, ખેતમજુરો; રાહદારીઓ અને ભાવિકો ત્યાં સમયસર હાજર થઇ જતા.

આમ શ્રી શાંતિનાથજી બાપુની જહેમતથી 'અપુજ' જેવું એ સ્થળ 'પુજ્ય' બની ગયું.


★

આજે તો એ સ્થળની કાયાપલટ થઇ ગઇ છે. સહુના સહકારથી આજે એ સ્થળ એ વિસ્તારમાં રમણિય સ્થળ બની ગયું છે.


જેતપુર સ્ટેશનથી શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા સુધીનો અગાઉ જે ગામઠી અને ખરબચડો રસ્તો હતો તે સહુના સહકારથી પાકો રસ્તો બની ગયો છે. રસ્તાને અને જગ્યાને સાંકળતો નાનકડો પુલ નાનકડી નદી પર બંધાઇ ગયો છે.

મંદિરની એ વિશાળ જગ્યા લીલાછમ વૃક્ષોથી સોહી રહી છે. રંગબેરંગી ફુલોવાળો વિશાળ બગીચો આંખને ઠારે તેવો છે. મહાદેવજીની પુજા માટે અને શણગાર માટે બગીચામાંથી દરરોજ રંગબેરંગી તાજા અને સુગંધી પુષ્પો ઉતરે છે.

બગીચા નજીક બેસવા માટે સીમેન્ટના આરામ-દાયક બાંકડાઓ મૂકાયા છે. વડીલો બાંકડાઓ પર બેસીને શિતળ પવનની મોજ માણે ત્યારે બાળકો ત્યાં આગળ રમી શકે અને ખેલકુદ કરી શકે તે માટે ઝીણી રેતી પાથરવામાં આવી છે. વિવિધ પ્રકારના ફૂળઝાડો પણ બગીચામાં નજરે ચડે છે. તાડીના ઉંચા



શ્રી ભીડભંજન મહાદેવનું મંદિર



જગ્યામાંના બગીચા અને
વનરાઇનું એક દ્રશ્ય

ઝાડો પણ છે. આમાંનું એક ઝાડ તો સહુનું ધ્યાન ખેંચે છે. 'સપ્ત તાડ' તરીકે ઓળખાતા એ તાડનું થડ એક છે પરન્તુ તેમાં જાણે સાત તાડો ઉગ્યા હોય તેવી તેની કુદરતી રચના છે.

ફળ-ફુલના બગીચાની તથા વૃક્ષોની પુરી માવજત થઈ રહી છે. નદી કાંઠાના પુલ પરથી જગ્યાની હદમાં દાખલ થતાની સાથે જ લીલા વૃક્ષોની હારમાળા નજરે ચડવા માંડે છે

વન-ભોજનને શાસ્ત્રોમાં બહુ સારી બાબત ગણવામાં આવી હોવાથી કેટલાક કુટુંબો તો તે સ્થળની મુલાકાતે જાય છે ત્યારે ટિફિનો સાથે ભરી જાય છે. અને બગીચામાં ભોજન કરીને 'વન—ભોજન'નો લ્હાવો લ્યે છે.


પંખી પાની પીને સે,
ઘટે ના સરિતા નીર;
ધર્મ કિયે ધન ના ઘટે,
સહાય કરે રઘુવીર....

અને સહકારને કારણે એક વખતનું એ જીર્ણ મંદિર આજે આરસનું મંદિર બની ગયું છે.

છ દાયકા પહેલાં જે સ્થળે કાચો ધુણો ધખાવવામાં આવેલો તે જે સ્થળે આજે પણ ધુણો છે પરંતુ હવે એ પાકો ધુણો બની ગયો છે. શ્રી. શાંતિનાથજી બાપુએ છ દાયકા પહેલાં જ્યાં ગાળ-માટી અને સાંઠીનો કુબો રહેવા માટે બનાવેલો તે કુબો પણ તે સ્થળે જ છે; પણ હવે તે પાકા ચણતરવાળો બન્યો છે.

મંદિરનું દ્રવ્ય, એની રચના, એની ભવ્યતા અને એની ચોકખાઇ પ્રથમ દ્રષ્ટિએ જ ભાવિકોનું ધ્યાન ખેંચે તેવા છે.

મંદિરના પગથીયાં ચડતાની સાથે જ ડાબી બાજુએ પાકા ચણતરવાળો 'ધુણો' છે. મંદિરના પૂજારીજી તેમાં પોતાની પ્રવૃત્તિ કરતા બેઠા હોય છે. ધુણાવાળા સ્થળે એક ઓરડી છે જેમાં મહાદેવજીના શણગાર અને પૂજા માટે બગીચામાંથી ચૂંટી કઢાયેલા પુષ્પોનો ઢગલો પડયો હોય છે.



જગ્યાના પૂજારી
શ્રી ચંદ્રનાથજી મહારાજ

તે ધુણાની સામે જ મહાદેવજીનું મંદિર છે. મહાદેવજીની ભવ્ય પ્રતિમાથી ભાવિકો મંત્રમુગ્ધ બની જાય છે અને દર્શન કરતા ધરાતા નથી. નંદિની પ્રતિમા પણ સુંદર કલા કારીગીરીના ઉમદા નમુના સમી છે.

એ સ્થળે આવેલ કાળભૈરવનું સ્થાનક જોવાની અને એના દર્શન કરવાની પણ ભાવિકોમાં ભારે ઉત્સુનતા રહે છે. કાળ ભૈરવના પરચાંની દંતકંથાઓ વહેતી થઇ હોવાથી લોકોને તે સ્મૃત્તિ ત્યાં ગયા પછી તાજી થયા વિના રહેતી નથી. 'કાળભૈરવ' સ્થાનક કયાં આવ્યું ?' તેવું અજાણ્યા ભાવિકો કોઇને તૂર્તજ પુછે છે.

કાળભૈરવની પ્રતિમા છ દાયકા પહેલાં તો એ જીર્ણ મંદિરને અઢેલીને આવેલા એક વિશાળ અને જુના વડના થડની બખોલમાં હતી પરંતુ આખાયે સ્થાનક અને મંદિરની કાયાપલટ ૧૯૫૬ માં થઇ તે વખતે શ્રી. શાંતિનાથજી બાપુએ વડના બખોલમાંની મૂર્તિઓની નાનકડી દેરીઓ બનાવીને તેમાં પ્રતિષ્ઠાપન વિધિ કરી હતી. મહાદેવના મંદિરમાં જ પાછળના ભાગે જુદી જુદી ત્રણ ત્રણ પ્રતિમાઓના સ્થાનકો છે. જેમાં કાળભૈરવની પ્રતિમા પણ છે.


ભાવિકો જ્યારે મંદિરને પ્રદક્ષિણા કરે છે. ત્યારે પાછળના ભાગે આ ત્રણેય સ્થાનકોના દર્શન થાય છે.

શ્રી ભીડભંજન મહાદેવની આ જગ્યામાં કાળ-ભૈરવ, બટુકભૈરવ, વિરભદ્ર, કપાળભૈરવ, ભદ્રકાલી, હનુમાનજી, મહાલક્ષ્મી વગેરેની પણ મૂર્તિઓ છે. શ્રી. શાંતિનાથજી બાપુએ ગંગા અને અન્નપુર્ણાનું પણ પ્રતિષ્ઠાપન કરેલું.

મંદિરમાં સામાન્ય રીતે દરરોજ સવારે પોણા છ વાગ્યે અને સાંજે સાત વાગ્યે આરતી થાય છે.

પુજારીજી શ્રી. ચંદ્રનાથજી પણ હરદ્વાર, બદરીનાથ, કેદારનાથ વગેરે તિર્થસ્થળોએ રહી આવ્યા છે. તેઓ લગભગ છેલ્લા ૨૫ વર્ષથી અહિં છે અને મહાદેવજીની પુજાનું કામ સંભાળે છે.

શ્રાવણ માસ દરમ્યાન તો ભૂદેવો મહાદેવની પૂજા માટે ઉમટી પડે છે. શ્લોકોચ્ચાર અને સ્તૂતિથી મંદિર ગુંજતુ રહે છે. એ ભુદેવોને તમામ પ્રકારની સગવડતા જગ્યા તરફથી કરી અપાય છે. શ્રાવણ માસ દરમ્યાન તો દર્શનાર્થીઓ અને ભાવિકો પણ શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાએ મોટી સંખ્યામાં પહોંચે છે, જાણે 'મેળો' ભરાયો હોય તેવું દ્રશ્ય સર્જાય છે. વાહનોથી



**અતિથિ ગૃહ:** શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાએ જતા કુટુંબો માટે ઉતારાની જ્યાં વ્યવસ્થા છે.

# પ્રકરણ ૧૦ મુ

# સુંદર અતિથિગૃહ

આ જગ્યામાં છેલ્લા થોડાં વરસો થયા સુંદર અતિથિગૃહ પણ ઉભુ કરાયું છે. ચાર રૂમના આ ગેસ્ટ-હાઉસમાં બાલબચ્ચાવાળા ભાવિકો મંદિરની મુલાકાત વખતે ઉતારો કરી શકે તેવી તેમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

તે સ્થાનકના ભાવિકો અને સેવકોએ યથાશક્તિ ફાળો આપીને આ અતિથિગૃહ ઉભુ કરાવ્યું છે. આ પહેલાં જુના વખતનું અતિથિગૃહ હતું પરંતુ હવે અદ્યતન પ્રકારનું બેઠા ઘાટનું અતિથિગૃહ બંધાયું છે.

કેટલીક વખત ધાર્મિક સ્થળનો ગેરલાભ લેવાતો હોવાથી તે બાબત નજર સમક્ષ રાખીને શ્રી. શાંતિ-નાથજી બાપુએ પ્રથમથીજ તકેદારી રાખી છે અને ખાસ અપવાદ સિવાય કોઇને તે સ્થળે રાતવાસો રહેવા દેવાતો નથી. શહેરથી દૂરના સ્થળે આવેલા આવા એકાંત સ્થળનો ગેરલાભ ન લેવાય તે માટે શ્રી. શાંતિનાથજી બાપુ કેવા જાગૃત છે તેનું આ ઉદાહરણ છે.

★

## પ્રકરણ ૧૧ મુ


# ભોજનાલય

**આ** જગ્યામાં ભોજનાલયનો મોટો ખંડ પણ છે. જગ્યામાં રહેતા સંતો અને સેવા બજાવતા સેવકો માટે ત્યાં ભોજન તૈયાર થાય છે. શ્રાવણ માસ દરમ્યાન મહાદેવની પૂજા માટે ત્યાં એક માસ સુધી રહેતા ભૂદેવો માટે જમવાનો પ્રબંધ પણ ત્યાં થાય છે.


વિરપુરની જગ્યાની માફક ત્યાં તમામ દર્શનાર્થીઓ અને ભાવિકો માટે રસોડું ચાલતું નથી પરંતુ 'હરિહર'ના સમયે કોઇને ભોજન લેવું હોય તો વ્યવસ્થા થઇ જાય છે. સામાન્ય રીતે ૭૦ થી ૮૦ માણસોની રસોઇ તો દરરોજ બનતી હોય છે.

એ જગ્યામાં વરસો થયા રહેતા સંત શ્રી. દિનાનાથજી કે જેઓ સહાયક પુજારીજી તરીકેની પણ કામગીરી બજાવે છે તેઓ કોઠારી તરીકે આ ભોજનાલયની વ્યવસ્થા પણ સંભાળે છે.

શ્રી. શાંતિનાથજી બાપુનો એવો આદેશ છે કે, ટાણેકટાણે પણ કોઇ ભૂખ્યો માણસ આવી ચડે તો તે ભૂખ્યો રહેવો ન જોઇએ; આ આદેશનું બરોબર પાલન થઇ રહ્યું છે. કોઇ ભૂખ્યું ત્યાંથી ખાલી પેટે પાછું ન જાય તે જોવાય છે. ★



ભોજનાલય :
જ્યાં સંતો માટે ભોજનનો પ્રબંધ થાય છે



'ગૌશાળા'નું દ્રશ્ય :

પણ છે. ૨૦ થી ૨૨ જેટલી ગાયો છે અને તેની બરાબર માવજત કરવામાં આવી રહી છે.

ગાયોને ઘાસચારો અને ખાણુ બરાબર મળતા રહે તેની કાળજી રખાય છે. ગૌશાળામાં દરેક ગાય માટે મુકરર જગ્યા છે અને દરેક ગાયને નામ અપાયેલા છે ગૌશાળામાં દિવાલ પર જે ગાય જ્યાં બંધાતી હોય ત્યાં તેનું નામ લખેલું છે.

જગ્યાની ખેડવાણ જમીનમાંથી અડધા ભાગનું અનાજ ઉપરાંત નિરણ અને ઘાસચારો પણ આવે છે. આ ઉપરાંત જગ્યાના કેટલાક સેવકો ગૌશાળા માટે નિરણ ઘાસચારો પહોંચ્યા કરે તેની કાળજી રાખે છે.

આમાંની દુઝણી ગાયોના દુધનો ઉપયોગ વાછરડાં વાછરડીઓને પાવામાં. મહાદેવની પૂજા માટે તથા સંતો માટે કરાય છે.

ગૌશાળાની ગાયોને પુરેપુરો ઘાસચારો મળી રહે અને ગૌશાળામાં પુરતી સ્વચ્છતા રહે તે બાબત પર પણ પુરતુ ધ્યાન આપવામાં આવે છે. તેના માટે ગોવાળો પણ છે. ★

## પ્રકરણ ૧૩ મુ


# સંત કુટિર

શ્રી ભીડભંજન મહાદેવની જગ્યામાં જેમ ભાવિકોને વિશ્રામ કરવા માટે 'અતિથિગૃહ' (ગેસ્ટહાઉસ) છે તેમ સંતો માટે 'સંત કુટિર' નામનો વિભાગ પણ છે.

જગ્યાના સંતો તેમજ બહારગામથી આવીને રહેતા સંતો 'સંત કુટિર'માં નિવાસ કરે છે. તેમના ભોજન માટે પણ જગ્યામાં જ પ્રબંધ થાય છે.

'સંત કુટિર' વિભાગના દરવાજા પર એક સન્યાસીનું પુતળું મુકવામાં આવ્યું છે; સાધુ-સંતો માટેનો તે વિભાગ હશે તેનો પ્રાથમિક ખ્યાલ તેના પરથીજ મળી રહે છે.

> અતિથિઓ તો ભાગ્યશાળીના આંગણેજ હોય. અતિથિઓની સેવા એ દેવસેવા સમાન છે.
>
> — શ્રી. જલારામ બાપા



સંતકુટિર :
સાધુ સંતો માટેનો વિભાગ

## પ્રકરણ ૧૪ મુ

# વિશ્રાંતિ ગૃહ

**શ્રી** ભીડભંજન મહાદેવની જગ્યામાનું 'વિશ્રાંતિ ગૃહ' તો જાણે મહાદેવના બંગલાનું દિવાનખાનુ હોય તેવો ભાસ ઉભો કરે છે.

તેની ઓશરીમાં અને અંદરના ભાગે પુરૂષો અને સ્ત્રીઓ માટે એમ બે અલગ ખંડો પાર્ટીશન દ્વારા કરવામાં આવ્યા છે.

ઓશરીમાં સોફાસેટ, બાંકડાં, ટિપોય વગેરે છે. ઓરડાંઓમાં ગાલીચાં, ગાદલાં, તકીયા, મોટી જાજમો વગેરે નજરે ચડે છે. આ ઉપરાંત દિવાલો પર શ્રી. શાંતિનાથજી બાપુની મોટી તસ્વીર તેમજ બીજી ઘણી તસ્વીરો નજરે ચડે છે.

તે ખંડના પાછળના ભાગે ઓશરીમાં 'ચા ઘર' છે. કોઇ પણ ભાવિક જગ્યાના દર્શને જાય ત્યારે સહુ પ્રથમ ત્યાં 'જલ પાન' માટે જવાનું કહેવામાં આવે છે.

વોટરકુલરના ઠંડા પાણીના ગ્લાસની ટ્રે ચાના કપ ભરેલી ટ્રે લઇને સેવકો સહુનો સત્કાર કરે છે. ચા પીધાં પછી ભાવિકો સમક્ષ મુખવાસનું બોકસ ધરવામાં આવે છે.

આવો પ્રેમાળ સત્કાર જોઇને ભાવિકો મનોમન પ્રશંસાના પુષ્પો વેરે છે. નાના બાળકો માટે દુધ જોઇતું હોય તો ત્યાંથી દુધ પણ અપાય છે.


ટાણે-કટાણે કોઇ ભાવિકો ચડી આવ્યા હોય તો કયારેક નાસ્તો પણ અપાય છે. ચાની તપેલી તો ઉકળતી જ રહે છે. દરરોજ ત્રણ મણ જેટલું ભેંસનું દુધ આ માટે મંગાવવામાં આવે છે.

આ વિશ્રાંતિગૃહની વ્યવસ્થા મથુરભાઇ સંભાળે છે. મથુરભાઇ આ જગ્યામાં લગભગ ૩૫ વર્ષ થયા છે. એ ભગવાધારી નથી છતાં જગ્યાની સેવામાં ઓતપ્રોત છે.

મથુરભાઇ રજપુત જ્ઞાતિના છે અને જેતપુરના રહીશ છે. તેમની ૧૫ વર્ષની ઉમર હતી તે વખતે ભીમાભાઇ નામના એક કણબી તેને શ્રી. શાંતિનાથજી બાપુ પાસે લઇ ગયેલા અને તેને તેમની પાસે રાખવા વિનંતી કરેલી.

શ્રી. શાંતિનાથજીબાપુ તો મહાન તપસ્વી અને માણસ પારખુ પણ ખરા એટલે મથુરભાઇ જગ્યામાં નિષ્ઠાપૂર્વક સેવા આપશે તેનો ખ્યાલ આવી ગયો.

મથુરભાઇ આજે ૫૦ વર્ષની ઉમરે પહોંચ્યા છે. પણ જગ્યાની સેવા છોડી નથી; ઉલટાની વધુ નિષ્ઠાથી સેવાઓ બજાવીને તપસ્વીજીના કૃપાપાત્ર બની રહ્યા છે.



**વિશ્રાંતિ ગૃહ :** જયાં ભાવિકો માટે ચા–પાણીની વ્યવસ્થા કરાય છે. તસ્વીરમાં જગ્યાના જુના સેવક શ્રી. મથુરભાઇ પણ નજરે ચડે છે.

શ્રી. મથુરભાઇ આ જગ્યાના જીવતા જાગતા પુસ્તક સમા છે. તેમની પાસેથી જગ્યાના આજના વિકાસ પાછળની કહાણી સાંભળતા જાણે બેસી જ રહીએ તેમ લાગ્યા કરે.

શ્રી. શાંતિનાથજી બાપુ પણ જ્યારે નિરાંતે બેઠા હોય અને જગ્યાના ભૂતકાળની વાત નીકળે ત્યારે કોઇ પ્રસંગ વર્ણવતી વખતે 'મથુરસે પૂછો'....ઉસ સમય કયા હુઆ થા ? એમ કહીને મથુરભાઇનો હવાલો એકાદ બે વખત તો જરૂર આપે; જો બાપુ આજ્ઞા કરે તો મથુરભાઈ એ વખતના પ્રસંગોનું વર્ણન પણ કરે.

આવા આ મથુરભાઇ સરળ સ્વભાવના અને હસમુખા ચ્હેરાવાળા છે. જગ્યામાં આવતા યાત્રાળુઓ અને ભાવિકોનો તેઓ 'માનવંતા અતિથિઓ' તરીકે સત્કાર કરે છે.

માનવસેવા એજ
સાચો ધર્મ છે.
— શ્રી રણછોડદાસજી મહારાજ

### પ્રકરણ ૧૫ મું

# વિરપુરની સરવાણી

રાજકોટથી ભીડભંજન જવું હોય તો રસ્તામાં શ્રી. જલારામ બાપાનું વિરપુર પણ આવે. જેતપુરની એક બાજુએ વિરપુર છે તો બીજી બાજુએ ભીડભંજન મહાદેવનું સ્થાનક છે.

વિરપુર તો પુજ્ય જલારામ બાપાની જગ્યાને કારણે ઐતિહાસિક તિર્થધામ બની ગયું છે. 'કોઈ જગ્યા વિનાના નહિં જવા જોઈએ' એવી પૂજ્ય જલારામ બાપાની અતિથિ ભાવના આજે પણ જળવાઈ રહી છે. દરરોજ સેંકડો યાત્રાળુઓ અને ભાવિકો માટે વિરપુરમાં બપોરે અને સાંજે રસોડાં ચાલુ હોય છે.

વિરપુરની જગ્યાના મુખ્ય સંચાલક શ્રી. ગીરધર-રામ બાપા, જગ્યાના ગાદીવારસ શ્રી. જયસુખરામબાપા તેમના નાનાભાઈ શ્રી. બટુકભાઈ તથા એ પરિવારના સભ્યોની નસેનસમાં શ્રી. જલારામ બાપાનો સંસ્કાર વારસો ભર્યો પડયો છે તેમ કહી શકાય.

શ્રી. ભીડભંજન મહાદેવની જગ્યાનો વિકાસ અને શ્રી. શાંતિનાથજી બાપુની પવિત્ર ભાવનાઓ અને સાધના વિરપુરની જગ્યાના સંચાલકોથી છૂપા રહ્યા નહિં. શ્રી. ગીરધરરામ બાપા, શ્રી. જયસુખરામબાપા, શ્રી.

બટુકભાઈ તથા વિરપુરની જગ્યાના પરિવારના સભ્યો શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાએ અવારનવાર આવતા-જતા થયા; આવી સરસ જગ્યા અને તેના મહાન તપસ્વીના દર્શનથી તેઓ પણ ધન્યતા અનુભવવા માંડયા.

શ્રી. ગીરધરરામ બાપા તો અવારનવાર ભીડ-ભંજન મહાદેવની જગ્યાએ પહોંચી જાય છે; મહાદેવના દર્શન તેમજ શ્રી. શાંતિનાથજી બાપુ સાથે જ્ઞાનગોષ્ટી કર્યા બાદ સીધા જગ્યાના કોઠારરૂમમાં પહોંચે છે. અનાજથી માંડીને બીજી વસ્તુઓ કેટલી છે અને કેટલી જરૂરત છે તેનો કયાસ પોતે જ કાઢી લ્યે છે અને એકાદ બે દિવસમાં તો માલ સામાન ભરેલો ભારખટારો વિરપુરથી નિકળીને સીધો ભીડભંજન મહાદેવની જગ્યાએ પહોંચે છે.

આમ શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા સુધી વિરપુરની પૂજ્ય જલારામ બાપાની જગ્યામાંથી પણ સરવાણી પહોંચતી રહે છે.

★

## પ્રકરણ ૧૬ મુ


# તપસ્વીજી શાંતિનાથજી બાપુ

શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાના આજના વિકાસ માટે જેમણે પોતાની કાયા ઘસી નાખી છે તે શ્રી શાંતીનાથજી બાપુની ઉમર આશરે ૯૫ વર્ષની છે. આજથી ૫૯ વર્ષ પહેલાં આ સ્થાનક તેમને કેવી રીતે સંભાળવું પડયું તેની વિગતો આગલા પ્રકરણમાં અપાઇ ગઇ છે. ૫૯ વર્ષથી તેઓ ધુણો ધખાવીને બેઠા છે.

સફેદ દાઢી-જટા તથા ભગવા વસ્ત્રધારી આ વૃદ્ધ સન્યાસીની આંખોમાંથી જાણે અમી નિતરતું હોય તેમ તેઓશ્રીના સંપર્કમાં જે કોઇ આવે તેઓ તેમના 'ભાવિક' બની જાય છે. ત્યાંથી જવાની ઇચ્છા થતી નથી; વારંવાર ત્યાં જવાનું મન થયા કરે છે.

૫૯ વર્ષ પહેલાં જયાં કાચો કુવો હતો તે સ્થળેજ તેઓશ્રી નાનકડી પરશાળમાં બેસે છે. કપડું ઢાંકેલો પ્રસાદીનો થાળ બાજુમાં જ પડયો હોય છે.


કોઈ ભાવિક તેઓશ્રીના દર્શને જાય ત્યારે હાથ જોડીને સ્નેહ નિતરતી આંખે, હસતા ચ્હેરે અને મમતાળુ રીતે આવકારે છે; ખબર-અંતર પૂછે છે અને



'જંગલમાં મંગલ'ના લેખક

શ્રી. વેલજીભાઇ ગણાત્રા

શ્રી. શાન્તીનાથજી બાપુ સાથે



મહાદેવની પૂજામાં બેઠેલા શ્રી. શાન્તિનાથજી બાપુ

'પ્રથમ જલ-પાન કરો' તેવું કહીને ચા-પાણી પીવા સામેના વિશ્રાંતિગૃહમાં મોકલે છે.

ભાવિકો વિદાય લેતી વખતે ફરી શ્રી. શાંતિનાથજી બાપુના દર્શને જાય ત્યારે તમામને કપડું ઢાંકેલા થાળમાંથી પ્રસાદિ આપે છે. કોણ ભાવિક પૈસા ધરે છે અગર કેટલા ધરે છે તેનું તેમને કોઇ મહત્વ હોતું નથી; તેમને મન તો ગરીબ અને અમીર સહુ સરખા હોય છે.

૯૫ વર્ષની ઉમર હોવા છતાં તેઓશ્રીની યાદ-શક્તિ ગજબની છે; એક વખત જે ભાવિક દર્શન માટે આવી ગયા હોય તે એક વર્ષ પછી આવે તો પણ ઓળખી કાઢે છે.

આખી જગ્યાના તેઓ ધણીરણી અને સંચાલક હોવા છતાં તેમનું જીવન અને રહેણીકરણી સન્યાસીને છાજે તેવા છે. આટલી ઉમરે પણ વહેલી સવારે ત્રણેક વાગ્યે ઉઠીને સ્નાનવિધિ પતાવી ધર્મધ્યાનમાં પરોવાઇ જાય છે. બિલકુલ ઓછો અને સાદો ખોરાક લ્યે છે. વહેલું ઉઠવાની ટેવ અને આખા દિવસનો થાક છતાં બહુ ઓછી ઉંઘ લ્યે છે.

અવારનવાર મોડી રાતે ઉઠીને ઠેઠ નદી સુધી ચક્કર લગાવે છે અને કોઇ અનિચ્છનીય તત્વો ઘૂસી તો નથી ગયાને તેની ખાત્રી કરે છે.

તેઓશ્રી કહે છે કે 'મારૂ કાંઇ નથી; હું તો નિમિત્ત માત્ર છુ". એમ કહેવાય છે કે, બહારથી સાધુઓ આવેલા ત્યારે શ્રી. શાંતિનાથજી બાપુએ બે ત્રણ વખત જગ્યાની તમામ ચીજ વસ્તુઓ તેમને આપી દીધેલી. આવા એક પ્રસંગે તો બધુ વહેંચી દીધા પછી એક સાધુ ત્યાં ગયો અને પોતે રહી ગયો છે તેવું કહેતા; શ્રી. શાંતિનાથજી બાપુએ પોતાના અંગ પરનું વસ્ત્ર તેને આપી દીધું હતું. શ્રી. શાંતિનાથજી બાપુ એ વખતે કહેતા કે, 'મારે આ બધી ચીજ-વસ્તુઓ શું ખપની છે ?'

જ્યારે જ્યારે આવું બનેલું ત્યારે એકાદ બે કાઠી દરબારો અને ભાવિકોએ ખટારો ભરીને બીજી ચીજ-વસ્તુઓ ફરી પહોંચતી કરી દીધી હતી.

શ્રી. શાંતિનાથજી બાપુ આ જગ્યાના પ્રાણ છે; એમને કારણેજ જગ્યાનું મહત્વ છે એમ ઘણા માને છે.

જગ્યા માટે કેટલું ખર્ચ થાય છે અને શું આવક છે તેવા સરવાળા-બાદબાકી શ્રી. શાંતિનાથજી બાપુએ કદી માંડયા નથી; 'ભગવાનના કામ ભગવાન પુરા કરે' એમ તેઓ માને છે અને તે રીતે જ ચાલ્યા કરે છે.

અગાઉ એમ કહેવાતું કે, 'અડી-કડી વાવ અને નવઘણ કુવો....ન જોયા હોય એ જીવતે મુવો' એ રીતે જો અત્યારે એમ કહીએ કે, જેમણે શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા જોઇ નથી અને શ્રી. શાંતિનાથજી બાપુના દર્શન કર્યા નથી તેમણે જીવનમાં કેટલુક જોયું નથી તો તેમાં જરાયે અતિશયોકતી નહિં ગણાય.

આમ છ દાયકા પહેલાં જે સ્થળનું નામ આંગળીના વેઢે ગણી શકાય તેટલા લોકો જાણતા હતા, જયાં રાતના અંધારામાં જવાની કોઇ હિંમત કરી શકતા નહિં, જયાં નિર્જન જંગલ હતું અને ચોર-ડાકુઓનું આશ્રયસ્થાન હતું તે સ્થળ આજે તિર્થધામ અને પર્યટનસ્થળ બની ગયું; છે 'જંગલમાં મંગલ' જેવું એ સ્થળ બની રહ્યું છે.

★

ભગવાનમાં જો સાચી શ્રદ્ધા હોય તો સાક્ષાત દર્શન થયા વિના રહે નહિં.

—શ્રી. યોગીજી મહારાજ

## પ્રકરણ ૧૭ મુ

# પર્યટન સ્થળ

શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા અગાઉના પ્રકરણમાં જણાવ્યું છે તેમ માત્ર ધાર્મિક સ્થળ જ નહિ પરંતુ પર્યટન સ્થળ જેવું પણ છે. શહેરથી બહુ દૂર નહિ અને શહેરથી બહુ નજીક પણ નહિ એવા સ્થળે આવેલું હોવાથી પર્યટન માટે પણ તે ખૂબ જ સાનુકુળ બની રહે છે.

એ સ્થળે ચા તો આખો દિવસ વિશ્રાંતિગૃહમાં મળતો રહે છે; પર્યટને જતા સંઘો, મંડળો કે સમુદાયો ત્યાં આગળ જમણવાર કરવા ઇચ્છે તો રસોઇ માટેની તમામ સુવિધાઓ છે.

એ સ્થળની રમણિયતા, શાન્ત વાતાવરણ, વનરાઇ, બાગ-બગીચા વગેરેને કારણે પર્યટકોને પર્યટનનો આનંદ મળે છે. પ્રવાસનો થાક વિસરાઇ જાય છે.

ઘણી શાળાઓના બાળકોને સ્પેશ્યલ બસો દ્વારા તે સ્થળે પર્યટનમાં લઇ જવાય છે. બાળકો આખો દિવસ જગ્યાના વિશાળ મેદાનમાં ખેલ-કુદ કરીને તેમજ બાગ-બગીચામાં ફરીને આનંદ કિલ્લોલ કરે છે.

આવી જ રીતે યાત્રાળુ સંઘો વેપારી મંડળો વગેરે પણ જ્યારે 'પીકનીક'નો કાર્યક્રમ વિચારે છે ત્યારે તેમની નજર સમક્ષ શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા તરવરવા લાગે છે.

નાના બાળકો તેમની રીતે રમી-કુદીને, ભાવિકો દર્શન કરીને તેમજ શિતળ છાંયમાં બેઠા બેઠા માળાં ફેરવીને, મોટેરાઓ બાગ-બગીચામાં બેસી કેરમ જેવી રમત રમીને અને મહિલાઓ દર્શન બાદ બગીચા પાસેના સીમેન્ટના બાંકડાઓ પર બેસી શિતળ પવન માણીને આનંદ માણે છે.

આ સ્થળ હવે એવું મશહુર થઇ ગયું છે કે, કામધંધાથી કંટાળેલા વેપારીઓ અને ઓફિસ કામથી કંટાળેલા અમલદારો પોતાના કુટુંબો સાથે ત્યાં પહોંચી જાય છે અને ખુશનુમા વાતાવરણમાં કેટલાક કલાકો ગાળીને ધંધાની ઉપાધિઓ તેમજ કામનો થાક વિસારે પાડે છે.

શ્રી ભીડભંજન મહાદેવની જગ્યામાં અત્યારે તો ગ્રીડ લાઇનમાંથી હવે વિજળી મળી રહે છે પરંતુ જ્યારે ગ્રીડ લાઇન નહોતી ત્યારે પણ ત્યાં વિજળી તો હતી જ કેમકે જગ્યા તરફથી પોતાનું જનરેટર ઉભુ કરાયું હતું.

શ્રી ભીડભંજન મહાદેવની જગ્યા પ્રત્યેની શ્રદ્ધા અને શ્રી. શાન્તીનાથજી બાપુના વાત્સલ્યને કારણે કેટલાકને તો તે જગ્યાએ જવાનું એવું 'બંધાણ' થઇ ગયું છે કે, દૂર વસતા હોવા છતાં વરસે એકાદ બે વખત ત્યાં ગયા વિના ચેન પડતું નથી. ઠેઠ મુંબઇથી પણ ભાવિકો ત્યાં આવે છે.

શ્રી. શાન્તીનાથજી બાપુ જગ્યા છોડીને બહાર ભાગ્યે જ જાય છે; તેઓ નથી કયારેય રેડિઓ સાંભળતા કે નથી અખબારો વાંચતા છતાં જ્યારે કોઇ ભાવિકો સાથે દેશકાળ અંગેની ટુંકી ચર્ચામાં ઉતરે ત્યારે તેઓ દેશમાંની પરિસ્થિતીથી જરાયે અજાણ નથી તેવી છાપ ઉપસ્યા વિના રહે નહિં, તેમને રાજકારણમાં નહિં પરંતુ લોકકલ્યાણમાં વિશેષ રસ છે. ઉપરાઉપરી પડતા દુષ્કાળો, નબળાં ચોમાસાં, પશુ તથા લોકોની કફોડી હાલત વગેરે બાબતો અંગે વાત નિકળે ત્યારે ત્યારે આવા સંજોગોથી તેમનું હૃદય દ્રવી ઉઠતું હોય છે તે હકિકત છૂપી રહેતી નથી.

ભાવિકો શ્રી. શાન્તીનાથજી બાપુના આશિર્વાદ મેળવવા તલપતા હોય છે; કેટલાક તો તેમને 'ચમત્કારિક સન્યાસી' તરીકે માને છે. શ્રી. શાન્તીનાથજી બાપુ તો ભાવિકોને ફકત એટલું જ કહે છે કે 'આપનું અને સહુનું કલ્યાણ થાઓ.' તેઓ એમ પણ કહે છે કે, 'હંમેશા ભગવાનમાં શ્રદ્ધા રાખો; એ સહુનું ભલું કરે છે.'

શ્રી. શાન્તીનાથજી બાપુએ ૫૯ વર્ષ પહેલાં ધુણો ધખાવીને 'જંગલમાં મંગલ' ઉભુ કર્યું છે. શ્રી ભીડભંજન મહાદેવની જગ્યાનું નામ તેમણે આબાલ વૃદ્ધોની જીભે રમતુ કર્યું છે.

સમાપ્ત

# સંતના બોધવચનો

× જીવનકા જો સમય પરહિતમેં જાય વહી સાર્થક હૈ.

× આત્મશ્લાઘાસે મનુષ્ય નિચે ગિરતા હૈ.
પુષ્પકી સુગંધ ફૈલાના વાયુકા ધર્મ હૈ, પુષ્પકા નહિ.

× મન, વચન, કર્મસે પવિત્ર જો હૈ, ઉસકે પરમાણું
અવશ્ય દેશકો હિતકર હોગે.

× કર્તવ્ય પાલનમેં પક્ષપાતકો અવકાશ નહિં પક્ષપાતસે
હમ કર્તવ્યચ્યુત હોતે હૈ.

× ખુશામદ પદ ભલે દે દે, પર પ્રેમ દેનેમેં વહ
અસમર્થ હૈ.

× કર્તવ્ય ભૂલના અપને જીવન કે સાથ અન્યાય કરના હૈ.

× પ્રાણીકી ગતિ અગતિ ઉસકે વિચારોં પર નિર્ભર હૈ.

× કષ્ટકે સમય ધૈર્ય રખનેસે સહનશક્તિકો બલ મિલતા હૈ.

× સ્વાર્થકા ત્યાગ કર જો સેવા કરે વહ ઉત્તમ,
સ્વાર્થ સહિતકી સેવા મધ્યમ,
સેવાકે નામ પર સ્વાર્થકી પૂર્તિ કરે વહ કનિષ્ઠ.

× સાધુ નગાડા હોતા હૈ બજાને પર હી ઉસમેસે
આવાજ નિકલતી હૈ.

× આત્મજ્ઞાન કરના સરલ હૈ, પરંતુ આત્મસમર્પણ
કરના મુશ્કિલ હૈ.

× સુસંગ ન મિલે તો કુસંગસે બચના ભી સુસંગ હૈ.

× જિસકો દેશ-કાલ વ અપની સ્થિતિકા ધ્યાન નહિં
વહ નિરા મૂર્ખ હૈ.

## 'જંગલમાં મંગલ'

# શ્રી
# ભીડભંજન
# મહાદેવાય
# નમઃ

લેખક-પ્રકાશક : શ્રી. વેલજીભાઇ ગણાત્રા,
મુદ્રક : દિલિપ મહેશકુમાર શાહ,
'કુમાર પ્રીન્ટરી', મોટી ટાંકી રોડ, રાજકોટ.
મુખપૃષ્ઠ ચિત્ર : સંઘવાણી,
બ્લોકસ : પ્રવિણ પ્રોસેસ, કોલેજવાડી, રાજકોટ.